


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૩૬ | ૨૫ જુલાઈ, ૨૦૧૮, બુધવાર; અષાઢ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### એથેન્સના જંગલોમાં ભીષણ આગ

ગ્રીસની રાજધાની એથેન્સ નજીકના જંગલ વિસ્તારમાં ભીષણ આગની ઘટના બની છે. જેમાં ૫૦ લોકોના મોત થયા છે અને ૧૫૪થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાં ૧૬થી વધુ બાળકોનો સમાવેશ થાય છે.

### સૂર્ય સુધી પહોંચવા નાસા પ્રથમવાર અંતરિક્ષ યાન મોકલશે

અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસા તેના પ્રથમ અંતરિક્ષ યાનને સૂર્ય તરફ મોકલવા તૈયારી કરી રહ્યું છે. એક કાર જેવા આકારનું આ અંતરિક્ષ યાન સૂર્યની સપાટીથી ૪૦ લાખ માઈલ દૂરથી પસાર થશે.

### સચિન તેંડુલકર પશ્ચિમ રેલવેના જન જાગૃતિ ઝુંબેશમાં જોડાશે

પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકર હવે પશ્ચિમ રેલવેમાં મહિલા સુરક્ષા, સ્વચ્છતા અને અતિક્રમણને લઈને જાગૃતતા ઝુંબેશનું નેતૃત્વ કરશે. તાજેતરમાં જ આ પ્રકારના જ જન જાગૃતિ ઝુંબેશ માટે મધ્ય રેલવેએ અમિતાભ બચ્ચનને કામ સોંપ્યું છે.

### ભારતને તેલનો પુરવઠો પુરો પાડવામાં ઇરાન બીજા નંબરે

અમેરિકાએ ઈરાન પર ઘણા પ્રતિબંધ લગાવ્યા છે અને તે અન્ય દેશોને પણ ઈરાન સાથે સંબંધો સમાપ્ત કરવાની અપીલ કરી રહ્યું છે. તો હવે ઈરાને ભારતને તેલનો પુરવઠો પુરો પાડવાનાં મામલે સાઉદી અરબને પછાડીને બીજુ સ્થાન મેળવી લીધું છે.

# મરાઠા અનામત આંદોલન હિંસક બન્યું

**ઠેર ઠેર હિંસક વિરોધ પ્રદર્શન કરાતા સ્થિતિ વણસી : ૭૨ હજાર સરકારી નોકરીની ભરતીમાં ૧૬ ટકા જગ્યા અનામત રાખવાનો નિર્ણય કરાયો હોવા છતાં હિંસા જારી : આંગચંપી-તોડફોડ કરવામાં આવી**



મુંબઈ,તા. ૨૪

મહારાષ્ટ્રમાં શાંતિપૂર્ણરીતે ચાલી રહેલા મરાઠા અનામત આંદોલને આજે વિસ્ફોટક સ્વરુપ ધારણ કર્યું હતું. કેટલીક જગ્યાઓએ હિંસક દેખાવો થયા હતા. અનામતની માંગ કરી રહેલા એક દેખાવકારે નદીમાં કુદીને આપઘાત કરવાની ઘટના બાદ મરાઠા અનામત આંદોલને હિંસક વળાંક લીધો હતો. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ દ્વારા ૭૨૦૦૦ સરકારી નોકરીઓની ભરતીમાં મરાઠાઓ માટે ૧૬ ટકા હોદ્દા અનામત રાખવાનું વચન આપ્યું હોવા છતાં હિંસા ચાલી રહી છે. આંદોલનની આગ હજુ પણ શાંત થઈ રહી નથી. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં વર્ષથી ઓછો સમય છે ત્યારે સ્થિતી વણસી રહી છે. ૨૦૧૯માં જ રાજ્ય વિધાનસભાની ચૂંટણી પણ યોજનાર છે. આવી સ્થિતિમાં મરાઠા આંદોલન ફડનવીસ સરકાર અને ભાજપ માટે પડકારરુપ બની શકે છે. મરાઠા સમુદાયની મુખ્ય માંગ સરકારી નોકરી અને શિક્ષણમાં સમુદાય માટે અનામત છે. ૨૦૧૪માં કોંગ્રેસ-એનસીપીની સરકારે મરાઠા સમુદાય માટે ૧૬ ટકા અનામતની

● અનુસંધાન પાન-૭ પર

## ખરાબ હવામાનથી ૧૧૫ કૈલાસ માનસરોવરના યાત્રિકો ફસાયા



ન્યુ દિલ્હી,તા.૨૪

વિદેશ પ્રધાન સુષમા સ્વરાજે ગઈ કાલે જણાવ્યું હતું કે ખરાબ હવામાનના કારણે ઉત્તરાખંડમાં કૈલાસ માનસરોવરના ૧૧૫ જેટલા યાત્રિકો ફસાયા છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે આ તમામ યાત્રિકો ગૂંજી વિસ્તારમાં ફસાયા છે.જેના કારણે હાલ આ તમામ યાત્રિકોને બચાવવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.જેમાં આ તમામને હવાઈ માર્ગે પિથૌરાગઢ લાવવામાં આવશે.

વિદેશ પ્રધાન સુષમા સ્વરાજે આ અંગે ટ્વિટ કરતાં જણાવ્યું હતું કે આઈટીબીપી(ભારત- તિબેટ સરહદ પોલીસ) અને કુમાઉ વિકાસ મંડળ યાત્રિકોની દેખરેખ રાખી રહ્યું છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે હવામાનમાં ફેરફાર થયા બાદ આ તમામ યાત્રિકોને હવાઈ માર્ગે પિથૌરાગઢ લાવવામાં આવશે.

આ માસના આરંભમાં જ અનેક તીર્થ યાત્રિકો નેપાળના પહાડી વિસ્તારમાં તે સમયે ફસાયા હતા જયારે તેઓ તિબેટમાં કૈલાસ માનસરોવરની યાત્રાએથી પરત આવી રહ્યા હતા. જોકે તેમને સઘન બચાવ અભિયાન બાદ વિમાનમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# મોબ લિંચિંગ મામલે સંસદ ગાજી ઉઠી

**આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો દોર : સુપ્રીમના જજ મારફતે તપાસ કરાવવા માટે માંગ : કોંગ્રેસ તરફથી રજૂઆત : હિન્દુ-મુસ્લિમનો મામલો નથી સરકાર ગંભીર છે : જરૂર પડશે તો નવો કાયદો બનાવાશે**

નવીદિલ્હી, તા. ૨૪

રાજસ્થાનના અલવરના રકબર ખાન ઉર્ફે અકબર ખાન નામના શખ્સની ભીડ દ્વારા માર મારીને હત્યા કરી દેવામાં આવ્યા બાદ તેની ગુંજ આજે સંસદમાં પણ જોવા મળી હતી. અલવર કાંડના મુદ્દાને ઉઠાવીને વિપક્ષે સરકાર ઉપર પ્રહાર કર્યા હતા અને આને રોકવા માટે જરૂરી પગલા લેવાની રજૂઆત પણ કરી હતી. કોંગ્રેસે મોબ લિંચિંગની ઘટનાઓના મુદ્દે ભારે હોબાળો મચેલો છે. કોંગ્રેસે આ ઘટનાઓની સુપ્રીમ કોર્ટમાં વર્તમાન જજ મારફતે તપાસ કરાવવાની માંગ કરી છે. કોંગ્રેસ તરફથી આ પ્રકારની માંગ કરવામાં આવ્યા બાદ રાજનાથસિંહે કહ્યું હતું કે, સરકાર આ પ્રકારની ઘટનાઓને લઈને ગંભીર છે અને આને રોકવા માટે જો નવા કાયદાની જરૂર પડશે તો તે પણ કરશે. લોકસભામાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગે દ્વારા અલવર લિંચિંગ મામલાને ઉઠાવીને માંગ કરી હતી કે, મોબ લિંચિંગની ઘટનાઓમાં સુપ્રીમ કોર્ટના સિટિંગ જજ મારફતે તપાસ કરાવવી જોઈએ. સીપીએમ સાંસદ મોહમ્મદ સલીમે અલવર મોબ લિંચિંગ કેસનો દાખલો આપીને કહ્યું હતું કે, ભીડ દ્વારા સ્ટ્રીટ જસ્ટિસ ખુબ જ ખતરનાક બાબત છે. તેમણે કહ્યું હતું કે, આ પ્રકારની ઘટનાઓ છેલ્લા ત્રણ ચાર વર્ષથી

● અનુસંધાન પાન-૭ પર

# વોડાફોન-આઈડિયા દ્વારા ૭૨ અબજ બેંક ગેરંટીમાં ચુકવી દેવાયા

**બે મહાકાય કંપનીના મર્જરનો માર્ગ મોકળો : આગામી થોડાક દિવસમાં મર્જરને મંજુરી મળશે : રોકડ અને બેંક ગેરંટી રૂપે મહાકાય રકમ ચુકવી દેવામાં આવી**

નવીદિલ્હી,તા. ૨૪

વોડાફોન-આઈડિયા સેલ્યુલર મર્જર થશે કે કેમ તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. કારણ કે, વોડાફોન-આઈડિયા સેલ્યુલરે ૭૨ અબજ રૂપિયા રોકડ અને બેંક ગેરંટીમાં ચુકવી દીધા છે. યાની સાથે જ મર્જરને ટુંક સમયમાં જ મંજુરી મળી જશે. ફાઈનાન્સિયલ દુવિધાને લઈને હવે કોઈ સમસ્યા રહી નથી ત્યારે વોડાફોન-આઈડિયા સેલ્યુલરના મર્જરને આગામી થોડાક દિવસમાં મંજુરી આપી દેવામાં આવશે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા કરવામાં આવેલી સ્પેક્ટ્રમ ચાર્જની માંગને લઈને હવે કોઈ દુવિધા રહી નથી. કંપનીઓએ વન ટાઈમ સ્પેક્ટ્રમ ચાર્જ માટે ૩૩.૨૨ અબજ રૂપિયાની બેંક ગેરંટી આપી દીધી છે. આ ઉપરાં સ્પેક્ટ્રમ માટે ૩૯.૨૬ અબજ રૂપિયા રોકડમાં આપી દીધા છે. ચુકવણી કરવામાં આવ્યા બાદ હવે વોડાફોન-આઈડિયા નામની નવી કંપની ટૂંક સમયમાં જ શરૂ થઈ શકશે અને મર્જરને મંજુરી મળી શકશે. જો કે, હજુ પણ કેટલીક દુવિધાઓ અને પડકારો રહેલા છે. કંપનીઓએ સુરક્ષા હેઠળ આ રકમ ચુકવી દીધી છે. કંપનીઓ દ્વારા દેવાની ફેર ગણતરી માટેની માંગ કરી છે પરંતુ ડોટ દ્વારા હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. વિલંબને ટાળવાના હેતુસર કંપનીઓ દ્વારા સરકાર દ્વારા કરવામાં આવેલી માંગ મુજબ પૂર્ણ રકમ ચુકવી દેવાનો નિર્ણય કર્યો છે. હવે કોઈપણ વિલંબ વગર બંને કંપનીઓ આગળ વધી શકશે. વોડાફોન અને આઈડિયાના ટોચના અધિકારીઓએ હાલમાં જ મિટિંગ યોજી હતી જેમાં સંકેત આપવામાં આવ્યો હતો કે, હવે વિલંબ માટે કોઈ કારણ નથી. સંયુક્ત ટ્રેનિંગની શરૂઆત પણ થઈ ચુકી છે. આની સાથે જ વોડાફોન આઈડિયા દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની બની જશે.

## પીએનબી કૌભાંડના આરોપી ચોક્સી એન્ટીગુવા ફરાર

**અમેરિકાથી એન્ટીગુવા ફરાર : પ્રત્યાર્પણ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવતા ચોક્સીની તકલીફ વધી : મોબ લિંચિંગનો ભય વ્યક્ત કરાયો**

નવીદિલ્હી, તા. ૨૪

પંજાબ નેશનલ બેંકમાં ૧૪ હજાર કરોડ રૂપિયાના કૌભાંડના આરોપી અને ગીતાંજલિ જેમ્સના પ્રમોટર મેહુલ ચોક્સી અમેરિકાથી એન્ટીગુવા ફરાર થઈ ગયો છે. સુત્રોના કહેવા મુજબ ઈન્ટરપોલ દ્વારા જારી કરવામાં આવેલી નોટિસ બાદ એન્ટીગુવાના અધિકારીઓએ આ અંગેની માહિતી આપી છે. ભારત સરકાર તરફથી ચોક્સીના પ્રત્યાર્પણના પ્રયાસો શરૂ થઈ ચુક્યા છે. ચોક્સીની સામે બિનજામીનપાત્ર વોરંટ પણ જારી કરાયા છે. ચોક્સીએ ભારતમાં કાયદાકીય સકંજાથી બચવા માટે સોમવારે નવી રમત રમી હતી. ચોક્સીએ મોબ લિંચિંગની શંકા વ્યક્ત કરીને સ્પેશિયલ કોર્ટ તરફથી પોતાની સામે જારી બિનજામીનપાત્ર વોરંટને રદ કરવાની માંગ કરી હતી. હવે એન્ટીગુવા ફરાર થઈ ગયો છે. અહેવાલમાં કહેવા મુજબ ચોક્સીએ એન્ટીગુવામાં મોટાપાયે રોકાણ કરેલું છે. ત્યાંની નાગરિકતા પણ મેળવેલી છે. એન્ટીગુવાના કાયદા મુજબ જો તે દેશમાં કોઈ વ્યક્તિ ચાર લાખ ડોલરનું રોકાણ કરે છે તો તેને ત્યાંની નાગરિકતા મળી જાય છે. ચોક્સી પાસે એન્ટીગુવાના પાસપોર્ટ પણ છે.

# ભારત ટૂંક સમયમાં રવાન્ડામાં એમ્બેસી ખોલશે : નરેન્દ્ર મોદી

કિગલી,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે ત્રણ આફ્રિકન દેશોના ૫ દિવસના પ્રવાસમાં સોમવારે સાંજે રવાન્ડા પહોંચ્યા. રાજધાની કિગાલીમાં રવાન્ડા પ્રેસિડન્ટ પૉલ કાગમેએ પીએમ મોદીનું સ્વાગત કર્યુ. આ દરમિયાન પીએમએ કાગમે સાથે અનેક મુદ્દે ચર્ચા કરી હતી. બંને નેતાઓની વચ્ચે ખાસ કરીને વેપાર અને કૃષિ ક્ષેત્રમાં સહયોગ મજબૂત કરવાના ઉપાયો પર ચર્ચા થઈ. વડાપ્રધાને રવાન્ડાના પ્રેસિડન્ટને ૨૦ કરોડ ડોલર દેવું આપવાની રજૂઆત કરી.

ત્રણ આફ્રિકન દેશોની મુલાકાતે નિકળેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે સાંજે રવાન્ડા પહોંચ્યા હતા. કિગાલી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વડાપ્રધાનના વિમાન ઉતરતા જ રવાન્ડાના પ્રેસિડન્ટ પૉલ કાગમેએ તેઓનું સ્વાગત કર્યુ.

આ પ્રથમ અવસર છે કે, જ્યારે ભારતના કોઈ વડાપ્રધાન રવાન્ડાની મુલાકાતે છે. મોદી આ પૂર્વ આફ્રિકન દેશોની યાત્રા કરનાર પ્રથમ વડાપ્રધાન બની ગયા છે. અહીં પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, મારું સૌભાગ્ય છે કે મારાં મિત્ર પ્રેસિડન્ટ કાગમેનું આમંત્રણ રવાન્ડા આવવાનું મને સૌભાગ્ય મળ્યું છે.

મોડી સાંજે બંને દેશોના નેતાઓએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ સંબોધિત કરી. મીડિયા સાથે વાત કરતાં મોદીએ કહ્યું કે, ભારત અને રવાન્ડાના સંબંધો સમયની કસોટી પર ખરાં ઉતર્યા છે.

અમારાં માટે આ ગર્વનો વિષય છે કે, રવાન્ડાના આર્થિક વિકાસ અને રાષ્ટ્રીય વિકાસ યાત્રામાં ભારત તમારું સહયોગી રહ્યું છે. તેઓએ કહ્યું કે, ભારત રવાન્ડાની ટ્રેનિંગ, ટેક્નિક, આધારભૂત વિકાસ અને પ્રોજેક્ટ આસિસ્ટન્ટ ક્ષેત્રમાં સહયોગ કરતું રહ્યું છે.

વડાપ્રધાન મોદીએ રવાન્ડાના પ્રેસિડન્ટ કાગમેની સાથે વિસ્તૃત વાતચીત કરી અને વેપાર અને કૃષિ ક્ષેત્રમાં સહયોગ મજબૂત કરવાના ઉપાયો પર ચર્ચા કરી.

# આજે પાકિસ્તાનમાં હિંસાની દહેશત વચ્ચે મતદાન

**મતદારોમાં ભારે ઉત્સાહ : ૧૦ કરોડ ૫૯ લાખ મતદારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે : નવાઝ શરીફની પાર્ટી અને બેનેઝીર ભુટ્ટોની પાર્ટી વચ્ચે સીધી સ્પર્ધા : સમગ્ર પાકિસ્તાનમાં મજબુત સુરક્ષા : તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી**

ઈસ્લામાબાદ,તા. ૨૪

પાકિસ્તાનમાં આવતીકાલે યોજાનાર સામાન્ય ચૂંટણીને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. તમામ રાજકીય પક્ષો દ્વારા પોત પોતાની રીતે જીતના દાવા કરવામાં આવી રહ્યા છે. આવતીકાલની સામાન્ય ચૂંટણીને લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી રહી છે.પાકિસ્તાનમાં સંસદની કુલ ૩૪૨ સીટો રહેલી છે. જેમાંથી ૭૦ સીટો અનામત છે. છેલ્લી ચૂંટણીમાં પીએમએલ-એન દ્વારા એકલા હાથે ૧૭૦ સીટો જીતી લેવામાં આવી હતી. જો કે આ વખતે તેની સ્થિતી સારી દેખાઈ રહી નથી. પાકિસ્તાનની રાજનીતિમાં વધારે અભ્યાસ કરનાર લોકો કહે છે કે પંજાબ પ્રાંતમાં શાનદાર દેખાવ કરનાર પાર્ટી કેન્દ્રમાં સરકાર બનાવે છે. ભારતમાં જે રીતે લોકસભાની ચૂંટણીમાં ઉત્તરપ્રદેશ પર મુખ્ય ધ્યાન રહે છે તે જ રીતે પાકિસ્તાનમાં પંજાબ પ્રાંતમાં નજર રહે છે. પંજાબ પ્રાંતમાં સૌથી વધારે વસ્તી છે. સંસદની કુલ ૨૭૨ સીટો પૈકી ૧૪૭ પંજાબમાં છે. પંજાબમાં મતદારો જોરદાર રીતે મતદાનમાં ભાગ લેવા માટે તૈયાર છે. પાકિસ્તાનમાં ૧૦ કરોડ ૫૯ લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે તૈયાર છે. જે પૈકી ચાર કરોડ ૬૭ લાખ મહિલા મતદારો છે. ચૂંટણીમાં ૭.૫ લાખ સુરક્ષા કર્મચારીઓની તૈનાતી કરવામાં આવી છે. પાકિસ્તાનની ચૂંટણીમાં આ વખતે ૩૪૫૯ ઉમેદવારો મેદાનમાં છે. જે પૈકી ૧૭૧ મહિલા ઉમેદવારો છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પહેલાથી જ તૈયારી કરવામાં આવી છે. તમામ અશાંત ક્ષેત્રોમાં ખાસ સુરક્ષા છેલ્લા કેટલાક દિવસ પહેલા જ ગોઠવી દેવામાં આવી છે. પાકિસ્તાનના લોકો પણ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. પૂર્વ ક્રિકેટ ખેલાડી ઈમરાન ખાનની લોકપ્રિયતા ઝડપથી વધી રહી છે. તેમની પાર્ટી શાનદાર દેખાવ કરે તેવી શક્યતા છે. જો કે બીજી બાજુ પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ અને બેનેઝીર ભુટ્ટોની પાર્ટીએ પણ જોરદાર દેખાવ કરવા માટે કમર કસી લીધી છે. પાકિસ્તાનમાં ચૂંટણીની અલગ પ્રક્રિયા રહેલી છે. પાકિસ્તાનમાં યોજાનાર ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો તમામ તાકાત લગાવી ચૂકી છે.હવે તેમના ઉમેદવારોના ભાવિનો ફેસલો થનાર છે. પાકિસ્તાનમાં ચૂંટણી ઈતિહાસ પર નજર કરવામાં આવે તો જાણી શકાય છે કે ૭૧ વર્ષમાં ૪૫ વર્ષ સુધી વડાપ્રધાન રહ્યા છે. જ્યારે બાકી ૨૬ વર્ષમાં સૈન્ય શાસન રહ્યુ છે. પાકિસ્તાનમાં સૌથી કમનસીબ બાબત એ છે કે ત્યાં ૨૯ વડાપ્રધાન થઈ ચુક્યા છે પરંતુ કોઈ પણ વડાપ્રધાને તેમની અવધિ પૂર્ણ કરી નથી. સૌથી ઓછી અવધિ ચાર દિવસની રહી છે જ્યારે સૌથી વધારે અવધિ ૧૫૪૭ દિવસની રહી છે. જનરલ અયુબ ખાન ૧૯૫૮માં ચાર દિવસ માટે વડાપ્રધાન રહ્યા

● અનુસંધાન પાન-૭ પર

### પાકિસ્તાનનું ચૂંટણી ચિત્ર

| | |
|---|---|
| સંસદની કુલ બેઠકો | ૩૪૨ |
| અનામત બેઠકોની સંખ્યા | ૭૦ |
| પંજાબ પ્રાંતમાં બેઠકો | સૌથી વધુ ૧૪૭ |
| મતદારોની સંખ્યા | ૧૦ કરોડ ૫૯ લાખ |
| પુરુષ મતદારોની સંખ્યા | ૫ કરોડ ૯૨ લાખ |
| મહિલા મતદારોની સંખ્યા | ૪ કરોડ ૬૭ લાખ |
| સુરક્ષા કર્મીઓ તૈનાત | ૭.૫ લાખ |
| ઉમેદવારો મેદાનમાં | ૩૪૫૯ |
| મહિલા ઉમેદવારોની સંખ્યા | ૧૭૧ |



## ઈમરાન વડાપ્રધાન પદ માટે સૌથી લોકપ્રિય

**ઓપનિયન પોલ અને સર્વેમાં પણ આગળ : પાકિસ્તાની સેના પણ ઇમરાન ખાનની સાથે : અહેવાલ**



ઈસ્લામાબાદ,તા. ૨૪

પાકિસ્તાનની રાજનીતિના જાણકાર લોકોનું કહેવું છે કે, પાકિસ્તાની સેનાએ દેશની સૌથી મોટી રાજકીય પાર્ટીઓ ખાસ કરીને પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ અને પાકિસ્તાન પિપલ્સ પાર્ટીને જીતવા માટે પુરતી તક આપી નથી. આવી સ્થિતિમાં પ્રશ્ન એ છે કે, ઈમરાન ખાનને જીત અપાવવાથી કોને ફાયદો થશે. પાકિસ્તાની સેના ઉપર ઈમરાન ખાનને સાથ આપવાનો આક્ષેપ થઈ રહ્યો છે. જેલમાં રહેલા નવાઝ શરીફની પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે, તેમની અને

● અનુસંધાન પાન-૭ પર